ગાંધીનગર સમાચાર



ભડકે બળેલા કલોલમાં કરફ્યુ લદાયો

# વિફરેલા ટોળાએ પોલીસ ચોકીઓ-વાહનો સળગાવ્યા...!

**રસ્તાઓ પર ચક્કાજામ, વાહનો-બસોમાં તોડફોડ આગચંપીના સંખ્યાબંધ બનાવો બન્યા : માણસા-કલોલમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ**







ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ હાઈવે પર સ્થિત ભાઈજીપુરા પાટીયા પાસે ગઈ મોડી સાંજે એસ.ટી. બસને ટાર્ગેટ બનાવીને ટોળાએ સળગાવી નાંખી હતી. આ ઘટના બાદ ઠેર ઠેર આગ ચંપી અને વાહનોમાં તથા પોલીસ સ્ટેશનોમાં તોડફોડનાં બનાવો બનવા પામ્યા હતા અને ધીરે ધીરે શહેર તથા આસપાસનાં કલોલ-માણસા તાલુકામાં સ્થિતિ વણસી ગઈ હતી. ગણતરીના કલાકોમાં કેટલાય વિસ્તારોમાં તોડફોડ-આગચંપી અને ચક્કાજામ કરી દેવામાં આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડહોળાઈ ગઈ હતી તો બીજી તરફ પોલીસે પણ રેપીડ એકશન લઈને સ્થિતિ કાબુમાં લેવા પ્રયત્નો શરુ કરી દીધા હતાં.

ભાઈજીપુરા પીડીપીયુ રોડ પર એસ.ટી. બસ, સળગાવ્યા બાદ માણસામાં, મહુડી-લોદરા રોડ પર, આંબેડકર ત્રણ રસ્તા કલોલ પર ટ્રક આડી કરીને હાઈવે પર ચક્કાજામ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત લોદરા હાઈવે ચરાડા-વિસનગર, ચરાડા-ગોઝારીયા હાઈવે, મહુડી હાઈવે પર સ્થિત રંગરોયલ હોટલથી વાડીલાલ ફેકટરી સુધી રસ્તાઓ પર ઝાડ આડા નાંખી દઈ રોડ બ્લોક કરી વાહન વ્યવહાર ઠપ્પ કરી દેવામાં આવ્યા હતાં. તો બીજી તરફ માણસામાં એસ.ટી. બસ સળગાવવામાં આવી હતી. ગાંધીનગર કલેકટર કચેરીમાં તોડફોડ, કલોલ, સિંધબા હોલ પાસે એક બસ અને ત્રણ વાહનો સળગાવ્યા, કલોલ તાલુકા પોલીસ સ્ટેશન બહાર પી.આઈ.ની જીપ ઉપરાંત અન્ય બે વાહનો સળગાવવાનો પ્રયાસ કરી તોડફોડ કરવામાં આવી હતી. હિંસક બનેલા ટોળાએ હાઈવે પરની આંબેડકર ચોકી, નારદીપુર આઉટ પોસ્ટ, અંબીકા ચોકી, કલોલની ટ્રાફીક ચોકી, વરસોડા પોલીસ ચોકી, બાલવા ચોકી, કલોલ તાલુકા પોલીસ સ્ટેશન, કલોલ ડીવાયએસપી ઓફીસ, પોલીસ સ્ટેશનમાં જપ્ત કરેલા વાહનોમાં આગચંપી અને તોડફોડની ઘટનાઓ તબક્કાવાર બનતા કલોલ, માણસા વિસ્તારમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. તો બીજી તરફ પેથાપુર ચોકડી પાસે ટોળાએ બે બાઈકો સળગાવી નાંખ્યાની ઘટના પણ સામે આવી હતી. તે ઉપરાંત ચંદ્રાલા પાસે બસ રોકીને ડ્રાઈવરને મારી બસમાં તોડફોડ કરવામાં આવી હતી. કલોલ એસ.ટી. વર્કશોપમાં લાઈનસર મુકાયેલી ૨૬ જેટલી એસટીબસોના કાચ ફોડીને તોડફોડ મચાવી દેવામાં આવી હતી. આમ ૨૪ કલાકમાં ગાંધીનગર જિલ્લામાં સંખ્યાબંધ વાહનો-પોલીસ ચોકીઓ સળગાવવાની અને તોડફોડ કરવાની ઘટનાઓ બનવા પામી હતી.

## કલોલ-માણસામાં ભારેલો અગ્નિ...

પાટીદાર અનામત મહારેલી બાદ હાર્દિક પટેલની ધરપકડના ઘટનાક્રમ સાથે જ કલોલમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતાં. ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસા તાલુકામાં ગઈ કાલ રાતતી ભારે અજંપાભરી પરિસ્થિતિ વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને અનેક ઠેકાણે છમકલા થવાની ઘટનાઓ થવા પામી હતી. પોલીસ દ્વારા કલોલમાં કરફયુ લગાવી દેવામાં આવ્યો હતો છતાં પરિસ્થિતિ નિંયત્રણ હેઠળ આવી નહોતી.

### કલોલમાં....

- ડીવાયએસપી એન.એસ. મલેક પર ટોળાએ હુમલો કરતા ત્રણ ફેકચર થયા હતા અને તેમની સાથેના ત્રણ પોલીસ કર્મીઓ પણ ઘાયલ થયા હતા તેમની ગાડીની પણ તોડફોડ કરાતા અંતે પોલીસે ટીયરગેસના ૪૦ સેલ છોડવા પડયા હતા.
- કલોલમાં તોફાનીઓને કાબુમાં લેવા ઠેર ઠેર ટીયરગેસના સેલ છોડાયા હતા જેના કારણે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.
- કલોલમાં અનેક પોલીસ ચોકીઓ ટોળાએ સળગાવી દીધી હતી. જેમાં સરકારી રેકર્ડનો પણ નાશ થયો હતો.
- નારદીપુર આઉટપોસ્ટ, અંબિકા ચોકી, ટ્રાફિક ચોકી, વરસોડા ચોકી, બાલવા ચોકી, તાલુકા પોલીસ સ્ટેશન વગેરેમાં આગચંપી અને તોડફોડ.
- પોલીસે અગાઉ જપ્ત કરેલા મુદ્દામાલના વાહનો પણ સળગાવાયાં.
- મુખ્યમંત્રીના ફોટાવાળા હોર્ડિંગ્સને તોડીને ટુકડા કરી ફેંકી દેવાયા.
- રાજયના પોલીસ વડાએ ગઈ કાલે રાત્રે કલોલની મુલાકાત લીધી હતી.
- પેરામિલીટ્રીની એક ફોર્સ કલોલમાં તૈનાત કરાઈ.
- કલોલ હાઈવે પર આંબેડકર ચોકી સળગાવાઈ.
- સિંદબાદ હોટલ પાસે એક બસ અને ત્રણ અન્ય વાહનો સળગાવાયાં.
- કલોલ પોલીસ સ્ટેશન બહાર એક પોલીસ જીપ સહિત ત્રણ વાહનોને આગ ચંપી.
- કલોલ તાલુકા પીઆઈની જીપ પણ સળગાવાઈ.
- આંબેડકર ત્રણ રસ્તા પાસે એક ટ્રક આડી મુકી તોફાનીઓએ રસ્તો બ્લોક કર્યો.
- કલોલ એસ.ટી. વર્કશોપમાં તોફાની ટોળાએ ઘુસી ૨૬ બસોના કાચ ફોડયા.
- કલોલમાં મંત્રી નીતિન પટેલનો હુરિયો બોલાવાયો.
- ઠેરઠેર સરકારી મિલ્કતોને નુકસાન પહોંચાડાયું.

### માણસામાં....

- માણસા-લોદરા હાઈવે પર ટોળાએ ઝાડના થડ આડા મુકી રસ્તો બંધ કર્યો.
- ચરાડા-વિસનગર, ચરાડા-ગોઝારિયા માર્ગ બંધ કરાયો.
- માણસામાં ઠેર ઠેર ટોળાએ ફરજીયાત બંધ પળાવ્યો અને સરકારી મિલ્કતોને નુકશાન કર્યું હતું.

## @ગાંધીનગર

- રૂદ્રાભિષેક મંડળ દ્વારા શિવ રૂદ્રાભિષેકનો કાર્યક્રમ ચંદુભાઈ પંડીતના નિવાસસ્થાન દત્ત મંદિર, સે-૨૮ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.
- કમલેશભાઈ રાણાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૨૦૫, સે-૪ ખાતે બપોરે ૨ કલાકે આનંદનો ગરબો ગવાશે.
- આર્ટ ઓફ લીવીંગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રૂદ્ર પૂજા કરૂણાબેન કુમાવતના નિવાસસ્થાન એ-૩૦૧, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ ખાતે સાંજે ૬-૦૦ કલાકે યોજાશે.
- સે-૬ સ્વામિનારાયણ મંદિર ખાતે કરોડોની કમાણી વિષય ઉપર પૂ. નિર્ગુણસ્વામી દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પ્રવચન અપાશે. ઉપરાંત પૂ. સંતોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.
- સરકારના વિરોધમાં સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે તા. ૨૭ ઓગષ્ટના રોજ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ધરણા રેલીનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે સૂર્યકાંતભાઈ દવેના નિવાસ સ્થાને સી-૬૦૧, શુકન સ્કાય, કુડાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.
- બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્રોત પાઠ અને શિવ વંદના એ.પી. શુકલાના નિવાસસ્થાન ૩૦૮/૪/એ, એસ.બી.આઈ. કવાટર્સની બાજુમાં રાત્રે ૯ કલાકે યોજાશે.
- સે-૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના મહેશભાઈ ઠાકરના નિવાસસ્થાન સે-૨૬ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.
- સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે અનાજના હિંડોળા યોજાશે.
- સે-૩ રામેશ્વર મંદિર ખાતે ચોકલેટના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે પવિત્રાના હિંડોળા યોજાશે.
- સચિવાલય ફેડરેશન દ્વારા કર્મચારી અધિકારીઓના પડતર પ્રશ્નોના ત્વરિત નિકાલની માંગણી માટે આંદોલન સચિવાલય સંકુલ ખાતે બપોરે ૨-૦૦ કલાકે યોજાનાર હતું તે બંધ રાખવામાં આવેલ છે.

**- નજાહખાનમ સૈયદ**

## વાતવાતમાં

- પાટીદાર અનામત મહારેલી બાદ રાજયમાં વણસેલી પરિસ્થિતિને કારણે સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરાવી હતી. જેમાં ગઈ કાલે રાત્રિથી બીએસએનએલ ઈન્ટરનેટ બંધ થઈ ગયું હતું. જયારે બાકીની કંપનીની સર્વિસ તુટક તુટક ચાલુ રહી હતી. આજે નગરજનોને બંધના કારણે મોબાઈલ રિચાર્જ કરાવવામાં પણ ભારે તકલીફ પડી હતી.
- ઈન્ટરનેટ કનેકટીવીટી ઠપ્પ થઈ જવાને કારણ આજે શહેરમાં બેંકોના કામકાજ પણ અટકી પડયા હતા. બંધના કારણે છેવટે બેંકો પણ બંધ કરાવાતા નગરજનોના નાણાંકીય વ્યવહારો થઈ શકયા નહોતા.
- ગાંધીનગરમાં તમામ સરકારી ઓફિસે ઓફિશિયલી ચાલુ હતી પરંતુ ખરેખર કચેરીઓ ચાલુ હોય તેવું લાગતું નહોતું. વળી વાહન વ્યવહાર બંધ હોવાને કારણે કાર્યાલયોમાં કર્મચારીઓની પણ પાંખી હાજરી હતી.
- ગઈકાલ રાતથી શહેરમાં અફવાઓના જોરે વેગ પકડયો હતો. ઘ-૦ સર્કલ પાસે વાહન સળગાવાયું, સિવિલ હોસ્પિટલમાં આગ લાગી તથા પોલીસને શુટ એટ સાઈટના ઓર્ડર અપાયા છે તેવી અફવાઓ સોશ્યલ મિડિયા દ્વારા વહેતી થઈ હતી.
- સે-પના સીએનજી પેટ્રોલ પંપ પર અજંપાભરી પરિસ્થિતિમાં પણ ગેસ પુરાવવા આવેલા વાહનોની રજીસ્ટ્રેશન પ્લેટ ચેક કરવાનો દુરાગ્રહ રાખવામાં આવ્યો હતો જેના કારણે કેટલાક વાહન ચાલકો અને ગેસ પંપના કર્મચારીઓ વચ્ચે બોલાચાલી થવા પામી હતી અંતે ગેસ પુરાવવા આવેલા એક એરફોર્સ અધિકારીની દરમિયાનગીરીથી મામલો થાળે પડયો હતો.
- અનામત આંદોલનમાંથી પેદા થયેલ તણાવપૂર્ણ માહોલ અંગે નગરજનોમાં આજે એક માત્ર ચર્ચાનો વિષય બન્યો હતો. ઓફિસો, ઘર કે સોસાયટીઓમાં નગરજનો આ પ્રકારની પરિસ્થિતિ મટે કોણ જવાબદાર હોઈ શકે તે અંગે અનેક તર્કવિતર્ક કરતા જોવા મળતા હતા.
- અનામત આંદોલનથી પેદા થયેલ તણાવપૂર્ણ માહોલમાં શાળાના બાળકો અને વાલીઓ અવઢવમાં હતા કે કાલે શાળાએ જવું કે નહીં.

**- સમીર રામી**
**9924446645**

# ભડકે બળેલા કલોલમાં કરફ્યુ લદાયો

**હિંસક બનેલા ટોળાએ ડીવાયએસપી સહિત ત્રણને ઘાયલ કર્યા : પેરા મીલેટરી ફોર્સ ખડકી દેવામાં આવી : પોલીસની જીપો, પોલીસ ચોકીઓમાં આગ ચંપી અને તોડફોડ બાદ ૨૬ બસોના કાચ ફોડી નાંખવામાં આવ્યા : પરિસ્થિતિ બેકાબુ બનતા કરફ્યુ લદાયો**



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓ પૈકી માણસા અને કલોલ તાલુકામાં અનામત આંદોલનના આફટર શોક ભયંકર હતાં. ગઈ રાતથી માણસા અને કલોલ તાલુકામાં પરિસ્થિતિ વિકટ હતી. તેમાં પણ કલોલ તાલુકા વિસ્તારમાં વિશેષ ભયંકર મહાલો સર્જાયો હતો. બીજા દિવસે પણ સવારથી કલોલ જ ટાર્ગેટમાં રહેતા આ વિસ્તારમાં કરફ્યુ લદાવી દેવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ પેરા મીલેટરી ફોર્સને કલોલમાં ખડકી દેવાયા બાદ ભડકે બળેલા કલોલમાં સ્થિતિ કાબુમાં આવી હતી.

કલોલ શહેરમાં પી.આઈ. તરીકે ફરજ બજાવી ચુકેલા એન.એસ. મલેકને ડીવાયએસપીનું પ્રમોશન આપ્યું હતું. હિંમતનગર હાજર થયા બાદ કલોલમાં તેમની ગઈ કાલે જરૂર જણાતા તેમની માંગણી બંદોબસ્ત માટે કરવામાં આવતા તેઓ બંદોબસ્ત માટે ગોઠવાઈ ગયા હતાં. ડીવાયએસપી એન.એસ. મલેક તથા તેમના ડ્રાઈવર વિપુલ પ્રજાપતિ સહિત ત્રણ પોલીસને સવારે ટોળાએ ખુબ માર માર્યો હતો ગાડી પણ તોડી નાંખી હતી. ડીવાયએસપીને ત્રણ ફેકચર થયા છે જયારે અન્ય કોન્સ્ટેબલો ઘાયલ થતાં હોસ્પિટલાઈઝડ કરવા પડયા હતા. પોલીસ પર ટોળાના હુમલાની ઘટના ઉપરાંત અન્ય સંખ્યાબંધ ઘટનાઓ કલોલ વિસ્તારમાં એવી બની હતી કે જેના લીધે કલોલ ભડકે બળી રહ્યું હતું. બસો, પોલીસ ચોકીઓ, વાહનો, પોલીસ જીપોમાં તોડફોડ-આગચંપી, પથ્થરમારા શરૂ થઈ ગયા હતા જેને પગલે કલોલનું વાતાવરણ અત્યંત તંગદીલી ભર્યું થઈ ગયું હતું. ગઈ કાલથી પરિસ્થિતિ કાબુમાં લેવા મથી રહેલી જિલ્લા પોલીસને પોલીસ ફોર્સ ઓછી પડી રહી હતી. આજે રેપીડ એકશન ફોર્સ અને સીઆરપી સહીતની પેરા મીલેટરી કંપનીઓ ફાળવવામાં આવતા મોટા ભાગનો ફોર્સ કલોલ તૈનાત કરી કલોલ આખાને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું છે. તો બીજી તરફ બપોરે બેકાબુ સ્થિતિ જોઈને કલોલમાં કરફ્યુ લદાવી દેવામાં આવ્યો હતો. કલોલમાં કરફ્યુ બાદ સ્થિતિ કાબુમાં આવી હતી.

## ગાંધીનગર આવતી-જતી ટ્રેનો અટવાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના રેલવે સ્ટેશને પણ આજે બંધના એલાનની અસર વર્તાઈ હતી. અમદાવાદમાં વણસેલી પરિસ્થિતિમાં ચાંદલોડિયા રેલવે લાઈન પર કેટલાક તોફાનીઓ દ્વારા આડશો વગેરે મુકી દેવાતા શાંતિ એકસપ્રેસ, મેમુ અને ડેમુ ટ્રેનઅટકી પડી હતી. આ કારણે ઈન્દોરથી આવેલ શાંતિ એકસપ્રેસ ગાંધીનગર સુધી આવી શકી નહોતી અને તે કારણે ગાંધીનગરથી ઉપડવાનો તો પ્રશ્ન જ ઉભો થતો નથી. એક માત્ર ટ્રેન હરદ્વાર એકસપ્રેસ આવી હતી જે ગાંધીનગરથી આગળ તો વધી પરંતુ તેને પણ મહેસાણા પાસે પરિસ્થિતિ બગડતા અટકી જવું પડયું હતું. રેલવે ટ્રેનો અટકી જતાં અનેક મુસાફરો અટવાઈ પડયા હતા અને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

## પરવાનેદાર હથિયારધારકો પોતાની વિગતો આપી જાય

ગાંધીનગર, તા. ૨૬

ભારત સરકારના ગૃહ મંત્રાલય, નવી દિલ્હીની સ્થાયી સૂચના અનુસાર સ્વરક્ષણ સ્પોર્ટ અને ડીસ્પ્લેના હેતુ માટેના હથિયાર પરવાનાની ઓનલાઈન ડેટા એન્ટ્રી ''નેશનલ ડેટાબેઝ ઓફ આર્મ્સ લાઈસન્સીઝ''નામના સોફ્ટવેરમાં કરવાની હોવાથી તથા પાક રક્ષણનો પરવાનો ધરાવતા પરવાનેદારોએ તેઓને લાગુ પડતી પ્રાંત કચેરીમાં તથા સ્વરક્ષણ, સ્પોર્ટ અને ડીસ્પ્લેના પરવાનો ધરાવતા ગાંધીનગર જિલ્લાના તમામ પરવાનેદારશ્રીઓએ ચિટનીશ શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર અને પાક રક્ષણના પરવાના માટે પ્રાંત કચેરી, ગાંધીનગર અને કલોલ ખાતે નિયત ફોર્મમાં વિગતો તથા હથિયાર પરવાનાની ઝેરોક્ષ પ્રમાણિત નકલ સાથે રૂબરૂ આવી કચેરી સમય દરમ્યાન નિયત નમૂનાના ચેકલીસ્ટ મુજબની તમામ વિગતો ક્રમવાઈઝ યોગ્ય રીતે ભરી તા. ૫-૯-૨૦૧૫ સુધીમાં બિનચૂક રજુ કરવા તથા જે પરવાનાઓ રીન્યુ કરાવેલ ન હોઈ તેઓએ પણ પરવાનો તા. ૧૫-૯-૨૦૧૫ સુધીમાં રીન્ય કરાવી લેવા જાહેર સૂચના આપવામાં આવે છે.

સદરહુ માહિતી નિયત સમય મર્યાદામાં આપવામાં નહી આવે તથા રીન્ય કરવામાં નહી આવે તો હથિયાર પરવાનો રદ કરવા બાબતેની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ પરવાના ધારાકોએ નોંધ લેવી.

## આંદોલનમાં થતા ભડકાઉ ઉચ્ચારણો અને ફોટો સામે ડભોડાના ગ્રામજનોનો સખ્ત વિરોધ

ગાંધીનગર, તા.૨૬

અનામતની માંગ હવે હિંસક બની છે અને સમગ્ર ગુજરાત ભડકે બળી રહ્યું છે ત્યારે અનામત આંદોલન ચલાવનાર હાર્દિક પટેલના વર્તમાનપત્રોમાં છપાતા લોહીયાળ ક્રાંતિ અને લોહીયાળ લડત તેમજ બંદુક સાથે ફોટોને લઈ ડભોડાના ગ્રામજનોએ નારાજગી વ્યકત કરી સખ્ત વિરોધ દર્શાવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અનામતની આંધીને પગલે સમગ્ર ગુજરાત ભડકે બળી રહ્યું છે. પાટીદારો અને સરકાર વચ્ચેનો આ મામલો છે ત્યારે કેટલાક અસામાજીક તત્વો સામાજીક જનજીવનને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના ડભોડામાં વર્ષો સાથે રહેલા ગ્રામજનોમાં કોઈ અશાંતિ ના ફેલાય તે માટે આંદોલનકારીઓના હિંસક અને ભડકાઉ નિવેદન અને ફોટા સામે ગ્રામજનોએ સખ્ત નારાજગી વ્યકત કરી છે. આવનાર સમયમાં સામાજીક વાતાવરણ ના બગડે તે માટે તમામ સમાજે સંયમતા જાળવવા અપીલ કરી છે. ઉપરાંત ભવિષ્યમાં અવાર નવાર આવા ઉશ્કેરણી જનક નિવેદનો કરવામાં આવશે તો અને ગુજરાતમાં શાંતિ અને સુલેહનો ભંગ થશે તેની સંપૂર્ણ જવાબદારી ગુજરાત સરકાર અને આવા નિવેદનો કરનારની રહેશે તેમ ગામના આગેવાનોએ જણાવ્યું હતું.

## લેકાવાડા નદીમાં ન્હાવા પડેલા બે કિશોર ડુબ્યા : એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના લેકાવાડા ગામ પાસે સાબરમતી નદીના પાણીમાં ન્હાવા પડેલા આલમપુરના પાંચ પૈકી બે કિશોરો પાણીમાં ડુબી ગયા હતા. જેમાં એકનું મોત અને એક કિશોર હાલ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ હોવાનું માલુમ પડયું છે. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ગામના પાંચ જેટલા ૧૬-૧૭ વર્ષના કિશોર લેકાવાડા નજીક સાબરમતી નદીમાં ન્હાવા માટે આજે સવારના સમયે ગયા હતા. પાંચેય કિશોર નદીના પાણીમાં ન્હાવા પડતા બે કિશોર હસમુખ અને વિશ્વાસ પાણીમાં ડુબવા લાગ્યા હતા. પાણીમાં ડુબી જતા હસમુખ દિનેશ સોલંકીનું કરૂણ મોત નિપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ ઘટનામાં વિશ્વાસ વિસાજી સોલંકીને બચાવી લઈ ગાંધીનગર સિવિલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## બાઈક-સ્કૂટર સાથેના યુવાનોના ટોળાએ ફરજિયાત બંધ પળાવ્યો



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં આજે વહેલી સવારથી આશરે ૪૦ થી ૫૦ બાઈક સ્કૂટર ચાલક યુવા પાટીદારોના ટોળાએ બંધ પળાવવા માટે ભારે હંગામો મચાવ્યો હતો. ભારે હોંકારા-પડકારા સાથે આ યુવાનોએ નગરના વિવિધ સેકટરોમાં જઈને શોપીંગ સેન્ટરો, ઓફિસો વગેરે જબરદસ્તી બંધ કરાવ્યા હતાં.

જય સરદાર, જય પાટીદારના નારા સાથે નીકળેલા આ યુવાનોએ ઘ-૬ સર્કલ, સે-૨૨, સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, ૧૭/૨૨ શોપીંગ એરિયા, સે-૨૪ના શોપીંગ સેન્ટર વિસ્તાર, ઘ-૫ સર્કલ, સે-૧૬ વાણિજિયક વિસ્તાર, સે-૧૧ કોમર્શિયલ કોમ્પલેક્ષ, સે-૭ શોપીંગ, ઘ-૨ સર્કલ, ઈન્ફોસીટી અને ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં દુકાનો, ઓફિસો બંધ કરાવી હતી. આ ટોળાએ પેટ્રોલ પંપો, બેંકો અને મધુર ડેરીના પાર્લર સુધ્ધાં બંધ કરાવી દીધા હતા. લગભગ નગરના મોટા ભાગના તમામ શોપીંગ વિસ્તારોમાં આ બાઈક સવારોએ ફરીને જબરદસ્તી બંધનું પાલન કરાવવા ફરજીયાત અમલ કરાવવા દબાણ કર્યું હતું. આ યુવાનો મોટેથી બુમો પાડતા અમુક જગ્યાએ તો અભદ્ર ભાષાનો પ્રયોગ પણ કરતા હતા.

**(તસવીર : વિપુલ ચૌહાણ)**

## ચિરવિદાય

- સ્વ. શકરીબેન પરસોત્તમદાસ પટેલ, ઉ.વ.૭૦, મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. મધુબેન પરસોત્તમભાઈ પરમાર, ઉ.વ.૫૬, પ્લોટ નં. ૬૩૦/૨, સેકટર-૫-બી, ગાંધીનગર.